# વિખ્યાત કાર્ડિયાક સર્જન ડો. ભૂપેશ શાહ ટીમ સાથે સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલમાં

## બે દિવસમાં સાત દર્દીઓની સર્જરી થશે : માનવતા પ્રસન્નબનીને મ્હેકી

રાજકોટ તા. ૫ : કાલાવડ રોડ પર ધમધમતી સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલ એક પણ રૂપિયાના બિલ વગર હૃદયના નિદાનથી માંડીને ઓપરેશન સુધીની સારવાર આપે છે. જરૂરીયાત મંદ દર્દીઓ માટે આ સેવા આશીર્વાદ રૂપ છે.

આ હોસ્પિટલમાં દુનિયાભરના નિષ્ણાંત તબીબો સેવા આપવા આવે છે.

આજે અમદાવાદના વિખ્યાત કાર્ડિયાક સર્જન ડો. ભૂપેશશાહનું ટીમ સાથે આગમન થયું છે. ડો.શાહ વાડીલાલ હોસ્પિટલ, સ્ટર્લિંગ હોસ્પિટલ વગેરે નામાંકિત હોસ્પિટલો સાથે સંકળાયેલ ખૂબ લોકપ્રિયતા અને જસ પ્રાપ્ત કરનાર તબીબ છે.

ડો. શાહ સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલમાં દર મહિનાના પ્રથમ શનિ-રવિવારે સેવા આપશે. આજે અને આવતીકાલે બે દિવસમાં સંપૂર્ણ સેવાભાવથી સાત સર્જરીઓ કરશે.

સત્ય સાંઈ હાર્ટ હોસ્પિટલમાં દર્દીઓ પર ઉપકાર ભાવ રાખ્યા વગર સંપૂર્ણ પણે નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે.

દર્દીઓ માટે તથા તેમના સ્વજન માટે રહેવાની અને સાત્વીક ભોજનની સુવિધા પણ સંસ્થા દ્વારા આપવામાં આવે છે. હોસ્પિટલ મંદિર જેવી સ્વચ્છ, પવિત્ર અને અત્યાધુનિક સાધનો સમાવતી છે. અહીં સેવા આપવા આવેલા ડો. શાહનું ભવ્ય સ્વાગત કરાયું હતું.(૨૫.૬)